Surat Municipal Corporation
e-Magazine
Issue 39
Feb. 17, 2006

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વિદ્યા–૨૦૦૬, સુમન–૨૦૦૬ અને શિલ્પ–૨૦૦૬ નો દબદબાભેર શુભારંભ કરાયો



સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત છઠ્ઠો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૦૬", ચોથો રાષ્ટ્રીય બાગાયત મેળો – પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૦૬" અને ત્રીજો ભારતીય શિલ્પગ્રામ મેળો "શિલ્પ–૨૦૦૬" નું ઉદઘાટન તા. ૦૯–૦૨–૦૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે નામાંકિત સાહિત્યકાર અને તત્વચિંતક ડો. ગુણવંત્તભાઈ શાહના વરદહસ્તે તથા મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણી, મુખ્ય મહેમાન વીર નર્મદ દ. ગુ. યુ. ના કુલપતિ ડો. રમેશચંદ્ર કોઠારી, બાગાયત નિયામક ડો. બી. આર. શાહ, અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, ધારાસભ્ય શ્રીમતિ ભાવનાબેન ચપટવાલા, વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડીયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મહાનુભાવોની ઉપસ્થિતીમાં ખુલ્લા મુકવામાં આવ્યા હતા.....

વધુ માટે કલીક કરો >>>>>>

## એનયુઆરએમ અંતર્ગત સુરત મહાનગરપાલિકાને ૭ કરોડ મળ્યા

કેન્દ્ર સરકારે જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન સ્કીમ અંતર્ગત સુરત મહાનગરપાલિકાને રૂા. ૭ કરોડનું વિકાસ ભંડોળ એડહોક ધોરણે રિલીઝ કરતાં પાલિકા તંત્રવાહકોમાં ખુશાલી વ્યાપી ગઈ હતી. એનયુઆરએમ અંતર્ગત આગામી તા. ૩૧મી માર્ચ ૨૦૦૬ પહેલા સુરત મનપાને કમસે કમ રૂા. ૫૦ કરોડની ગ્રાન્ટ મળે તેવી ગણતરી સુરત મનપા તંત્ર માંડી રહયું છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર તથા અઠવા ઝોનમાં સાકારિત થનાર સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ તથા અઠવા ઝોનમાં સાકારિત થયેલ સરોજીની નાયડુ ઉદ્યાનની ઉદ્દઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર તથા અઠવા ઝોનમાં સાકારિત થનાર સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ તથા અઠવા ઝોનમાં સાકારિત થયેલ સરોજીની નાયડુ ઉદ્યાનની ઉદ્દઘાટનવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્હસ્તે તા.૧૩–૦૨–૨૦૦૬ના રોજ સોમવારે સવારે કરવામાં આવેલ જેનો મુખ્ય સમારોહ સવારે ૧૧.૦૦ કલાકે સરોજીની નાયડુ ઉદ્યાન, એસ. વી. આર. કોલેજ સામે, નેહરૂનગર પાસે, ઈચ્છાનાથ, ખાતે રાખવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સ્વીમીંગ પુલની ઉદ્દઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સ્વીમીંગ પુલની ઉદ્દઘાટનવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્હસ્તે તા. ૧૪–૦૨–૨૦૦૬ ને મંગળવારનાં રોજ રાખવામાં આવેલ જેનો સમારોહ સવારે ૧૦.૦૦ કલાકે સ્વીમીંગ પુલ, રૂસ્તમપુરા વોર્ડ નં.૨, આશાપુરી માતાજીના મંદિર પાસે, સુરત ખાતે રાખવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૯–૦૨–૨૦૦૬ થી તા.૧૩–૦૨–૨૦૦૬ દરમિયાન યોજાનાર "વિદ્યા–૨૦૦૬", "સુમન–૨૦૦૬" અને "શિલ્પ–૨૦૦૬" નો દબદબાભેર શુભારંભ કરાયો




સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત છઠ્ઠો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૦૬", ચોથો રાષ્ટ્રીય બાગાયત મેળો – પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૦૬" અને ત્રીજો ભારતીય શિલ્પગ્રામ મેળો "શિલ્પ–૨૦૦૬" તા.૦૯–૦૨–૨૦૦૬ થી તા.૧૩–૦૨–૨૦૦૬ દરમિયાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે, મૂર્તિમંત થઈ રહેલ છે. જેનું ઉદઘાટન તા. ૦૯–૦૨–૨૦૦૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે નામાંકિત સાહિત્યકાર અને તત્વચિંતક ડો. ગુણવંત્તભાઈ શાહના વરદહસ્તે તથા મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણી, મુખ્ય મહેમાન વીર નર્મદ દ. ગુ. યુ. ના કુલપતિ ડો. રમેશચંદ્ર કોઠારી, બાગાયત નિયામક ડો. બી. આર. શાહ, અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, ધારાસભ્ય શ્રીમતિ ભાવનાબેન ચપટવાલા, વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડીયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મહાનુભાવોની ઉપસ્થિતીમાં ખુલ્લા મુકવામાં આવ્યા હતા. ત્યાર બાદ દિપ પ્રાગટય કરી સમારંભનો શુભારંભ કર્યો હતો. ત્યાર બાદ સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રવાસન વર્ષ નિમિત્તે તૈયાર કરવામાં આવેલ સુરત શહેરના દર્શનીય સ્થળોની માહિતી દર્શાવતું સચિત્ર પુસ્તક "ડીસ્કવર સુરત" ની વિમોચનવિધિ મેયરશ્રી ના વરદહસ્તે સંપન્ન થઈ હતી. ત્યાર બાદ મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ.

સમારંભના ઉદ્‌ઘાટક એવા નામાંકિત સાહિત્યકાર અને તત્વચિંતક ડો. ગુણવંત્તભાઈ શાહએ ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતા ઉદ્‌ઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું કે હાલમાં કુંભ મેળા અને પુસ્તક મેળો ચાલી રહયો છે એક મેળો પવિત્ર છે જયારે બીજો મેળો વૈચારિક પવિત્રતા દર્શાવે છે. પવિત્રતાની દ્રષ્ટીએ બંન્ને મેળાને સરખું સ્થાન મળવુ જોઈએ. તેમના મંતવ્ય પ્રમાણે પુસ્તક મેળો વધારે પવિત્ર છે. દુનિયાનું સૌથી પહેલું પુસ્તક ભારતનું "ઋગવેદ" છે આ અંગે વિશ્વના કોઈ પણ ઈતિહાસકારોમાં મત મંતાતર નથી. વિશ્વની સૌથી મોટી લાયબ્રેરી "બ્રીટીશ મ્યુઝીયમ લાયબ્રેરી" નો સૌથી વધુ ઉપયોગ કરનાર ભારતીયો માં ડો. બાબાસાહેબ આંબેડકર, શ્રી દાદભાઈ જમશેદજી નવરોજજી" જેવા દિગગજ હતા. આપણા દેશમાં રાજકારણી ઓ તેમજ અભિનેતાઓ પણ વાંચનની રૂચી ધરાવે છે. ગ્રંથપાલની સૌથી મોટી જવાબદારી વાંચનાલયમાં વણજોઈતા તેમજ નકામા પુસ્તકોને પ્રવેશ કરતા અટકાવવાનો છે. જો આવા પુસ્તકો વાંચનલયમાં આવે તો વાચકો પુસ્તકાલયથી વિમુખ થતા જાય છે.

દેશમાં "સુરત મહાનગરપાલિકા" જે એક એવી મહાનગરપાલિકા છે જે પુસ્તક મેળાનું આયોજન કરે છે તેમજ મેયરશ્રી તેમાં ભાગ લે છે. માતા બાળકોને સારા સંસ્કારો આપી શકે તે માટે તેઓને સારા પુસ્તકોનો કબાટ ભેટ આપવો જોઈએ. સત્સંગ બાવા, સાધુઓ સાથે થાય એવી એક માન્યતા છે જ પરંતુ સારા પુસ્તકો સાથે પણ સત્સંગ થઈ શકે તે માટે દરેક ઘરમાં પાંચ સારા પુસ્તકો રાખવા જ જોઈએ. વિદશેમાં પુસ્તકો પબ્લીશ થાય છે જયારે ભારતમાં પુસ્તકો પ્રકાશિત થાય છે. જે રીતે દિપની પ્રગટેલી જયોત અંધકારનું આશ્ચર્ય ચિનહ છે તે જ રીતે પુસ્તક એ અજ્ઞાનનું આશ્ચર્ય ચિનહ છે. સુરત માં પુસ્તકોને જે આવકાર મળે છે તેઓ કયાંય મળતો નથી.સુરતની પુસ્તકપ્રેમી પ્રજા અહીં આવી છે એ દર્શાવે છે કે સુરત શહેરની પ્રજાને સાહિત્યમાં ઉડો રસ છે. તેમણે અંતમાં આ મેળાની મુલાકાત લેનાર દરેક મુલાકાતીને ઓછામાં ઓછું એક પુસ્તક ખરીદવા અપીલ કરી હતી. સાથે સાથે એક પુષ્પ પણ જો ખરીદવામાં આવે તો સોનામાં સુંગધ ભળે.

સમારંભના પ્રમુખ એવા મેયર ડો. કનુભાઈ માવાણીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે સુરત સીટી મેગા સીટી બનવા તરફ પ્રયાણ કરી રહેલ આ શહેરની મહાનગરપાલિકા શહેરીજનોને પાયાની સુવિધા પુરી પાડવા અગ્રેસર રહેલ છે તેમજ શહેરના લોકોની જ્ઞાનપીપાસાને સંતોષવા માટે મહાનગરપાલિકા સતત ક્રિયાશીલ છે. શહેરના આંગણે પુસ્તક, પુષ્પ અને શીલ્પ ગ્રામ મેળાનો ત્રિવેણી સંગમ યોજાઈ રહયો છે ૨૧મી સદીનો યુગ એ નોલેજ પાવરનો યુગ છે. ગાડી બંગલા એ સ્ટેટસ નથી જ્ઞાન કેટલું છે તે સ્ટેટસ નો વિષય થઈ રહેશે. અગાઉ યોજાયેલ પુસ્તક મેળો, બાગાયત મેળો, શિલ્પ ગ્રામ મેળો સફળ આયોજનને આભારી છે. આવા પર્વોથી લોકોના જ્ઞાનમાં વૃધ્ધિ થવાની સાથોસાથ નવીનતમ બાબતો જાણવાની વૃત્તિ પણ ઉદભવે છે. આ ધ્યેયને લક્ષમાં રાખી સુરત મહાનગરપાલિકા ધ્વારા કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય તેમજ અડાજણ વિસ્તારમાં પણ સુવિધાસભર વાંચનાલયો લોકસર્મપિત કરવામાં આવેલ છે. તેમજ અન્ય વિસ્તારમાં પણ વાંચનાલયો ખુલ્લા મુકવામાં આવેલ છે. સુરત શહેર ફકત સીમેન્ટ કોંક્રીટનું જંગલ ન બને અને સ્વચ્છ પર્યાવરણથી મહેકતું બને તે માટે વહીવટી તંત્ર તેમજ શાસકો સતત પ્રયત્નશીલ છે. જેના ફળસ્વરૂપે સુમન નર્સરી તેમજ વૃક્ષઉછેરના પ્રકલ્પો હાથ ધરેલ છે. દેશને જો કોઈ બચાવી શકે તેમ હોય તો તે આર્યુવેદીક જ બચાવી શકે તેમ છે. દરેક છોડમાં રણછોડનો વાસ છે. સુરત એ સંસ્કારી નગરી છે. ભાવિ પેઢીને સંસ્કાર નું સિંચન થાય તે માટે દરેક શાળાઓના વિદ્યાર્થીઓ આ મેળાની મુલાકાત લે તેવા હું પ્રયત્ન કરીશ. આજે સારા વિચારો ધરાવનારાઓ પાસે અમલીકરણ કરાવવાની સત્તા નથી. જયારે જેમની પાસે સત્તા છે તેમની પાસે સારા વિચારો નથી. આથી જ ડો.ગુણવંત શાહ ના વિચારોને અમલીકરણ કરવા માટે તેમના હસ્તે આ પર્વ ખુલ્લું મુકવાનું આયોજન કરેલ. ચાલુ વર્ષે

યોજવામાં આવેલ પુસ્તક મેળો, બાગાયત મેળો તેમજ શિલ્પ ગ્રામ મેળાને માત્ર નિહાળવા જ નહી પરંતુ મન ભરીને માણવા તેમજ અભૂતપૂર્વ સહકાર આપી "સા વિદ્યા યા વિમુકતયે તેમજ વૃક્ષ એ જ જીવન" ઉકિતને ચરિતાર્થ કરશો એવી અપેક્ષા રાખી હતી. તેમણે ઉપસ્થિત સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

મુખ્ય મહેમાન એવા વિર નર્મદ દ. ગુ. યુ. ના કુલપતિ શ્રી એ તેમના વકતવ્ય માં જણાવ્યું હતું કે ટી. વી. આવ્યા પછી પુસ્તકોનું વાંચન ઘટયું છે. આજે લોકો પુસ્તકોનું વાંચન ફકત અભ્યાસ માટે જ કરે છે. આવા પુસ્તક મેળાના આયોજનથી સુરત શહેરમાં વાંચન વધ્યું છે. વાંચન ઘટતા લોકો જીવન ઉપયોગી વનસ્પિતી પણ વિસરાય ગયેલ છે. ભારતમાં મોટા ડોકટરો પાસે આવતા ૬૦% જેટલા દર્દીઓ ને કોઈ પણ જાતની બીમારી હોતી જ નથી ફકત સામાન્ય દવા આપતા જ તેઓ સારા થઈ જાય છે. જેઓ ને વાંચન ધ્વારા આર્યુવેદીક વનસ્પિતીની ઉપયોગીતા અંગે જાણકારી મેળવવા સૂચન કરેલ.

મુખ્ય મહેમાન ડો. બી. આર. શાહ એ તેમના મંતવ્યમાં જણાવ્યું કે બાગાયત ખાતાનું કામ ખેડૂતોને પ્રોત્સાહન પુરુ પાડવાનું છે. ફળ, ફુલ, શાકભાજીના ઉપયોગ અંગે તેમણે જણાવ્યું હતું. શહેરોમાં બાગાયત એટલે શોખ અને પર્યાવરણને ધ્યાને રાખી તેનો ઉછેર કરવામાં આવે છે. કિચન ગાર્ડન નો ક્રેઝ શહેરોમાં વધતો જાય છે. દરેક શહેરમાં હોર્ટીકલ્ચર સોસાયટીની રચના કરવી જરૂરી છે. શહેરી બાગાયતો માટે જુદા જુદા કાર્યક્રમો તથા સ્પર્ધાઓનું આયોજન કરવા સૂચન કરેલ. શહેરીજનો ને વધુ જાણકારી મેળવવા માટે અઠવા ખાતે આવેલ બાગાયત કચેરીનો સંપર્ક કરવા જણાવેલ. શિલ્પમેળાના ત્રિવેણી સંગમમાં મનુષ્યનું કલ્યાણ સમાયેલું છે. સુરતની પ્રજા આ ત્રિવેણી સંગમની મુલાકાત લે અને પોતાના પ્રતિભાવો વ્યકત કરે એવી આશા રાખી હતી.

મ્યુ. કમિશનર શ્રીમતિ વત્સલા વાસુદેવા, મહા મહિમ રાજયપાલશ્રીના કાર્યક્રમમાં વ્યસ્ત હોય સમારંભ ખાતે ઉપસ્થિત રહેલ મહાનુભાવોનું સ્વાગત કરતા ડે. કમિશનરશ્રી (પ. અને ઈ.) શ્રી સી. જે. ગામીતે જણાવ્યું હતું કેસુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને પાણી, ડ્રેનેજ, રસ્તા, લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ પૂર્ણ કક્ષાએ પૂરી પાડવામાં આવી છે. પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી ઉપરાંત પ્રજાજનોની આરોગ્યપ્રદ સુખાકારી માટે બગીચાઓ, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ તેમજ સાહિત્યની રૂચિ કેળવાય તે માટે સુરત શહેરમાં જુદા–જુદા ઝોનોમાં ૩૩ જેટલા પુસ્તકાલયો/વાંચનાલયોની સુવિધાઓ પૂરી પાડેલ છે. સુરત મહાનગરપાલિકા એક એવી સ્થાનિક સ્વરાજય છે જે માત્ર ફરજીયાત સેવા પૂરતા સીમિત ન રાખતાં, મનોરંજન, જીવન જીવવા માટે સુંદર પર્યાવરણ, પ્રદુષણ મુકત વાતાવરણ વિકાસાવવાની સાથે ઉચ્ચ શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, રમતગમત વિકાસ અને પ્રોત્સાહન અને જ્ઞાન પિપાસા સંતોષવા માટે સુરતની સાંસ્કૃતિક ધરોહર સમાજના તમામ સ્તરે સુધી વિસ્તારે છે. લોકોમાં સાહિત્યક્ષેત્રમાં રૂચિ કેળવાય અને અધતન જાણકારી મળી રહે તેવા શુભ આશયથી સુરત મહાનગરપાલિકા સતત પાંચ વર્ષથી પુસ્તક મેળો, વૃક્ષ ઉછેર અને પર્યાવરણ પ્રેમ પ્રોત્સાહિત કરવા તેમજ કલાકૃતિ વારસાને વિકસાવવા ત્રણ વર્ષથી બાગાયત મેળો તથા બે વર્ષથી શિલ્પગ્રામ મેળાનું સફળતા પૂર્વક આયોજન કરી રહી છે.

સુરત શહેર ફકત સિમેન્ટ કોન્ક્રિટના જંગલ તરીકે ન ઓળખાય તેની કાળજી પણ લેવાય રહી છે. તેનો પુરાવો શહેરના નાના–મોટા કુલ ૭૩ જેટલા બાગો છે. બાગાયત મેળા – પુષ્પ પ્રદર્શન વડે શહેરીજનોના ઘરે ઘરમાં ફૂલોની સુગંધ પ્રસરે એવા પ્રયત્ન કરવામાં આવી રહયા છે.

હાલમાં યોજાઈ રહેલ છઠ્ઠા પુસ્તક મેળામાં દિલ્હી, અમદાવાદ, મુંબઈ વગેરે વિવિધ શહેરોના પુસ્તક વિક્રેતાઓએ ભાગ લીધો છે. બુકસ, સ્ટેશનરી, શૈક્ષણિક અને આધ્યાત્મિક સ્ટોલો મળી કુલ ૧૯૬ સ્ટોલ, બાગાયત મેળામાં નર્સરીના ૭૪ જેટલા સ્ટોલ તથા શિલ્પ મેળામાં ૩૦ જેટલા સ્ટોલનો સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત બાગાયતી મેળા તથા પુષ્પ પ્રદર્શનમાં બોન્સાઈ, તાજા તથા સૂકા ફૂલોની ગોઠવણી, ફૂલ ડેકોરેશન જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિજેતા સ્પર્ધકોને પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપવામાં આવશે. શહેરના નાગરિકો આ સ્પર્ધામાં ઉત્સાહ પૂર્વક ભાગ લેશે એવી આશા રાખું છું. આ ઉપરાંત તા. ૦૯ થી ૧૩ ફેબ્રુઆરી દરમ્યાન પોટ પેઈન્ટીંગ સ્પર્ધા, ચિત્રકામ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, પ્રાર્થના ગીત જેવી વિવિધ સ્પર્ધાઓ તથા લોકનૃત્ય, કાવ્ય પઠન જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

આવા સફળ મેળાઓ ફકત મહાનગરપાલિકાની ઈચ્છાનું પરિણામ નથી પરંતુ શહેરી જનોની ઈચ્છાનું પરિણામ છે. પુસ્તક મેળા દરમ્યાન શહેરની સાહિત્ય રસિક પ્રજા સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રકાશિત સુરત ઈતિહાસ દશર્ન વગેરે જેવા પુસ્તકો ૨૫% ડીસ્કાઉન્ટથી વેચાણ કરવામાં આવનાર છે. તેમજ દર બે માસે પ્રસિધ્ધ થતું ન્યુઝ મેગેઝીન ૫૦% ડીસ્કાઉન્ટથી વેચાણ કરવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજન કરવામાં આવેલ પુસ્તક મેળાનો સુરત શહેરના સાહિત્ય રસિક અને પર્યાવરણ, કલાપ્રેમી પ્રજાજનો વધુમાં વધુ લાભ લેશે. એવી આશા વ્યકત કરી હતી.

સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી અસ્મિતાબેન સિરોયાએ સમારંભના ઉદઘાટક તેમજ મુખ્ય મહેમાનોએ અત્રે ઉપસ્થિત રહી મહાનગરપાલિકાના પદાધિકારીઓને પ્રોત્સાહીત કરવા બદલ આભારની લાગણી વ્યકત કરી હતી. તેમજ દર વર્ષે પુસ્તક મેળા માટે મેદાન પુરુ પાડનાર વનિતા વિશ્રામ ટ્રસ્ટ તેમજ સંસ્થાના સંચાલકોનો સુરત મહાનગરપાલિકા વતી આભાર માન્યો હતો. આ પ્રસંગે મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણી, મુખ્ય મહેમાન વીર નર્મદ દ. ગુ. યુ. ના કુલપતિ ડો. રમેશચંદ્ર કોઠારી, બાગાયત નિયામક ડો. બી. આર. શાહ, અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, ધારાસભ્ય શ્રીમતિ ભાવનાબેન ચપટવાલા, વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડીયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મહાનુભાવો તેમજ અધિકારીગણ તેમજ ઉપસ્થિત પ્રજાજનો નો આભાર માન્યો હતો.

TOP

## એનયુઆરએમ અંર્તગત સુરત મહાનગરપાલિકાને ૭ કરોડ મળ્યા

કેન્દ્ર સરકારે જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન સ્કીમ અંતર્ગત સુરત મહાનગરપાલિકાને રૂા. ૭ કરોડનું વિકાસ ભંડોળ એડહોક ધોરણે રિલીઝ કરતાં પાલિકા તંત્રવાહકોમાં ખુશાલી વ્યાપી ગઈ હતી. એનયુઆરએમ અંતર્ગત આગામી તા. ૩૧મી માર્ચ ૨૦૦૬ પહેલા સુરત મનપાને કમસે કમ રૂા. ૫૦ કરોડની ગ્રાન્ટ મળે તેવી ગણતરી સુરત મનપા તંત્ર માંડી રહયું છે.

પાલિકા સૂત્રોએ આપેલી વિગતો મુજબ છેલ્લા દોઢેક મહિનાથી સુરત મહાનગરપાલિકાના તંત્રવાહકો જેના સબમિશન માટે મંડી પડયા હતા એ જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (એનયુઆરએમ) અંતર્ગત મળવાપાત્ર વિકાસ ભંડોળનો પ્રથમ હપતો આખરે પાલિકાને મળ્યો છે. કેન્દ્રએ સુરત શહેરમાં હાલમાં સુરત મહાનગરપાલિકાએ હાથ ધરેલા ચાલુ વિકાસ કામો પેટે એડહોક ધોરણે રૂા. ૭ કરોડનો પ્રથમ હપતો આપતાં પાલિકાના અધિકારીઓએ મહેનત ઉગી નીકળ્યાની અનુભૂતિ કરી હતી. અગાઉ સુરત મ્યુનિ. કમિશ્નર પંકજ જોશીએ જણાવ્યું હતુંકે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૫-'૦૬ની પૂર્ણાહુતિ પહેલા એનયુઆરએમ અંતર્ગત સુરત મનપાને રૂા. ૫૦ કરોડનું વિકાસ ભંડોળ મળે તેવી ગણતરી સાથે સુરત મહાનગરપાલિકા વિકાસ કામો હાથ ધરી રહી છે. કેન્દ્રએ રૂા. ૭ કરોડનો પ્રથમ હપતો રિલીઝ કરતાં પાલિકા તંત્રવાહકોને હવે આશા બંધાઈ છે કે ચાલુ હિસાબી વર્ષ પહેલા એટલે કે આગામી તા. ૩૧મી માર્ચ પહેલા પાલિકાને રૂા. ૫૦ કરોડ નહીં તો કમસે કમ રૂા. ૩૦-૩૫ કરોડ તો એનયુઆરએમ પેટે મળે તેવી શકયતા છે.

બીજી તરફ, ગતરોજ મુંબઈ ખાતે એનયુઆરએમ અંતર્ગત યોજાયેલા વર્કશોપ બાદ આજરોજ ગાંધીનગર ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સિવાયની સુરત, રાજકોટ અને વડોદરા મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીઓ તેમજ પદાધિકારીઓ સાથે એનયુઆરએમ સ્ટિયરિંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં એનયુઆરએમ સ્કીમના બીજા તબકકામાં કમ્પ્લિટ ડિટેઈલ્ડ રિપોર્ટ તૈયાર કરીને ઝડપભેર તેનું સબમિશન કરવા પર ભાર મૂકાયો હતો. કેન્દ્ર સરકાર જે ભંડોળ રિલીઝ કરશે તે વાયા રાજય સરકાર મળવાની હોઈ, રાજયના શહેરી વિકાસ મંત્રાલય સાથે સંકલન કરીને પ્રોજેકટનું સબમિશન કરવા પર ભાર મૂકાયો હતો.

અત્રે એ ઉલ્લેખનિય છે કે સુરત મહાનગરપાલિકા અને સુડા મળીને કુલ રૂા. ૭૬૦૦ કરોડના પ્રોજેકટનું પ્રેઝન્ટેશન એનયુઆરએમ અંતર્ગત કરવામાં આવ્યું છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર તથા અઠવા ઝોનમાં સાકારિત થનાર સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ તથા અઠવા ઝોનમાં સાકારિત થયેલ સરોજીની નાયડુ ઉદ્યાનની ઉદ્દઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર તથા અઠવા ઝોનમાં સાકારિત થનાર સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ તથા અઠવા ઝોનમાં સાકારિત થયેલ સરોજીની નાયડુ ઉદ્યાનની ઉદ્દઘાટનવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્દહસ્તે તા.૧૩–૦૨–૨૦૦૬ના રોજ સોમવારે સવારે કરવામાં આવેલ જેનો મુખ્ય સમારોહ સવારે ૧૧.૦૦ કલાકે સરોજીની નાયડુ ઉદ્યાન, એસ. વી. આર. કોલેજ સામે, નેહરૂનગર પાસે, ઈચ્છાનાથ, ખાતે રાખવામાં આવેલ.

આ પ્રસંગે મેયર ડો.કનુભાઈ માવાણીએ તેમના ઉદઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ કરવાના કામો અંગે રૂપરેખા તૈયાર કરેલ છે. સુરત શહેરને સમૃધ્ધ, સુંદર અને વિશ્વના નકશામાં મુકવા માટે ક્રાંતી થઈ રહી છે. આ ક્રાંતી નગરજનો જોઈ રહયા છે. આજ રોજ રાંદેર તથા અઠવા ઝોનમાં સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ કરવામાં આવેલ છે. સેનેટરી વ્યવસ્થાએ શહેરની તંદુરસ્તી માટે ખુબ જ જરૂરી છે. સુરત શહેર પહેલાં ગંદુ શહેર હતું. હવે આજ શહેર સુંદર અને હરીયાળા શહેર તરીકે ઓળખાય છે. વિશ્વમાં પર્યાવરણ જોખમાતું જાય છે. પર્યાવરણની સુરક્ષા ન કરીયે તો કદાચ ભવિષ્યમાં પાણીની બોટલની જેમ ઓકસીજનની બોટલ લઈને ફરવું પડશે. તે માટે પર્યાવરણનું જતન જરૂરી છે. શહેરના લોકોને પ્રાથમિક સુવિધાઓ બધાને મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા ચિંતન કરે છે. લોકોને આપેલ વચનો મુજબ ની કામગીરી ઝડપથી થાય તે માટે પ્રજાનો સાથ અને સહકાર મળી રહેશે તે માટે અમે સતત કાર્યરત રહીશું. સુરત શહેરની વ્યાખ્યા અન્ય શહેરો કરતા જુદા પ્રકારની છે.

અતિથિવિશેષ પદે થી ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે સુરત શહેર કેટલો વિકાસ કરી રહેલ છે તેની પ્રતિતિરૂપે આજ રોજ એક સાથે ત્રણ પ્રોજેકટો શહેરને અર્પણ કરેલ છે. સુરત શહેરમાં જેટલા હાઈ રાઈઝ બને તેટલા વૃક્ષો, પ્લાન્ટેશન, ઉદ્યાનો ની જરૂરીયાત પર તેમણે ભાર મુકયો હતો. જેનાથી શહેરનું પર્યાવરણ સંતુલીત બનશે. સુરત મહાનગરપાલિકાની વિકાસ કાર્યોની હરણફાળ સાથે ઉમદા વૈચારીક બુધ્ધિમતાનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે ઉદ્યાન જેમના નામથી લોકાર્પણ કરવામાં આવ્યું તે સરોજીની નાયડુ એ એક સ્વાતંત્રય સેનાની અને લેખિકા હતા. જેમણે જણાવ્યું હતું કે (Purity of nation lise in the heart of the people) (પ્યોરીટી ઓફ નેશન લાઈઝ ઈન ધ હાર્ટ ઓફ ધ પીપલ.)

શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે શહેરમાં પ્રજાજનોની અપેક્ષાઓને સાર્થક કરવા માટે જુદા જુદા વિવિધ પ્રોજેકટો અર્પણ કરેલ છે. આગામી ૮ થી ૧૦ વર્ષમાં વિશ્વના નકશામાં મુકવા માટે સુરત મહાનગરપાલિકા પ્રતિબધ્ધ છે. આરોગ્યની જાળવણી અને પ્રજાની સુખાકારી માટે સુએઝ પ્લાન્ટની ખાતમુહુર્તવિધિ કરવામાં આવેલ છે. પર્યાવરણ જાળવવાની જવાબદારી ભાવિ પેઢી યર્થાથ રીતે બજવે તે માટે તેમને શાળાઓમાં શિક્ષણ આપવામાં આવે છે. સુરત ને સુંદર બનાવવા માટેની કલ્પના સાકાર કરવા માટે શાસકો અને વહિવટી પાંખ સતત કાર્યરત રહે છે તેમાં પ્રજાનો પૂરતો સહકારની ખેવના કરેલ.

મ્યુ. કમિશનર શ્રી પંકજ જોષીએ સમારંભ ખાતે ઉપસ્થિત રહેલ મહાનુભાવોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કેસને ૧૯૯૪ સુધી શહેરની ફકત ૧૯.૩૩% વિસ્તારને તથા કુલ વસ્તીના ૨૪% વસ્તીને ડ્રેનેજ સુવિધાથી આવરી લેવામાં આવી હતી. ત્યારબાદ શહેરના તમામ વિસ્તારોમાં તબક્કાવાર ડ્રેનેજ સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. તે અંતર્ગત હાલમાં શહેરના અંદાજીત ૯૨% વિસ્તાર અને ૯૭% વસ્તીને આવરી લેવામાં આવેલ છે અને આ વર્ષના અંત સુધીમાં શહેરને ગંદાપાણીનાં નિકાલ માટેની સૂએઝ સીસ્ટમથી સંપૂર્ણતઃ રીતે આવરી લેવાનું આયોજન છે.



રાંદેરઝોનમાં જહાંગીરપુરા–પીસાદ ખાતે સૂએઝ પંપીંગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ છે. આ પંપીંગ સ્ટેશનની ક્ષમતા ૨૨.૬૦ એમ. એલ. ડી. છે. આ સુએઝ સ્કીમ અંદાજીત રૂા. ૮૩૧ લાખના ખર્ચે ૧૮ માસના ગાળામાં તૈયાર કરાવવાનું આયોજન છે. જેમાં સેમી સરકયુલર ડ્રાયપીટ સુએઝ પંપીંગ સ્ટેશન તૈયાર થશે. ઉપરાંત ૬૦૦ મી.મી. ડી.આઈ.પાઈપ વ્યાસની તથા ૩૮૦૦ રનીંગ મીટર લંબાઈની રાઈઝીંગ મેઈન અને ૨૫૦ મી.મી.થી ૧૪૦૦ મી.મી.વ્યાસની તથા ૩૪૫૦૦ રનીંગ મીટર લંબાઈની ગ્રેવીટી નેટવર્ક નાંખવામાં આવશે. આ પંપીંગ સ્ટેશન કાર્યાન્વિત થવાથી રાંદેર ઝોનનો ૩૨૨ હેકટર જેટલો વિસ્તાર અને ૧ લાખ જેટલી વસ્તીને આવરી લે છે.

આ ઉપરાંત અઠવા ઝોનમાં ઉમરા પોલીસ સ્ટેશન પાસે અઠવા સુએઝ પંપીંગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ છે. આ પંપીંગ સ્ટેશનની ક્ષમતા ૧૮.૩૦ એમ.એલ.ડી. છે. આ સુએઝ સ્કીમ અંદાજીત રૂા. ૧૧૦૫ લાખના ખર્ચે ૨ વર્ષના ગાળામાં તૈયાર થશે.

જેમાં સબમર્સીબલ પંપીંગ સ્ટેશન તૈયાર કરવામાં આવશે. ઉપરાંત ૮૦૦ મી.મી. ડી. આઈ.પાઈપ વ્યાસની તથા ૩૫૦૦ રનીંગ મીટરની રાઈઝીંગ મેઈન અને ૨૫૦ મી.મી. થી ૧૦૦૦ મી.મી. વ્યાસની તથા ૨૮૬૦૦ રનીંગ મીટર લંબાઈની ગ્રેવિટી નેટવર્ક નાંખવામાં આવશે. આ પંપીંગ સ્ટેશન કાર્યાન્વિત થવાથી અઠવા ઝોનનો ૨૮૦ હેકટર જેટલો વિસ્તાર અને ૮૫૦૦૦ જેટલી વસ્તીને આવરી લેશે.

અઠવા ઝોનમાં ટી. પી. ૫ (ઉમરા–નોર્થ), એફ. પી. નં.૧૨૩, ખાતે ''સરોજીની નાયડુ ઉદ્યાન'' મા. મેયરશ્રીના વરદહસ્તે લોકાર્પણ કરવામાં આવેલ છે. જેનો કુલ વિસ્તાર ૧૪૪૧૩.૦૦ચો. મીટર છે. જેની પાછળ સુરત મહાનગરપાલિકાએ અંદાજીત રૂા.૪૨/– લાખનો ખર્ચ કરેલ છે. આ બાગમાં રમત ગમતના સાધનો, ફાઉન્ટેઈન, ફાઉન્ટેઈન પુલ, લોન પ્લાન્ટેશન, વોક–વે, ગઝેબો જેવી વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે. વિરાટ ઔદ્યોગિક શહેર તરીકે વિકસી રહેલ સુરતમાં વધુમાં વધુ ઉદ્યાનો તૈયાર કરી પર્યાવરણના શુધ્ધિકરણ તરફ મહાનગરપાલિકા આગેકુચ કરી રહેલ છે. પર્યાવરણની જાળવણી તથા જાહેર જનતાના આનંદ પ્રમોદ તથા હરવા ફરવાના હેતુસર શહેરના ઝોનોમાં જુદા જુદા ૬૭ જેટલા નાનામોટા ઉદ્યાનો બનાવવામાં આવેલ છે. હાલમાં જુદા–જુદા ઝોનમાં ગાર્ડનને લગતા સિવિલ કામો, કમ્પાઉન્ડ વોલ, ગાર્ડન ડેવલપમેન્ટ જેવા નાનામોટા ૧૯ જેટલા કામો પ્રગતિ હેઠળ છે. આગામી વર્ષમાં મહાનગરપાલિકા ધ્વારા એકવેરીયમ, પીકનીક સ્પોટ, એમ્યુઝમેન્ટ પાર્ક, બોટનીકલ ગાર્ડન, ફલોરલ પાર્ક બનાવવાનું આયોજન છે. ઉપરાંત ડો. શ્યામાપ્રસાદ ઝુ લોજીકલ પાર્ક, સરથાણા ખાતે ડાયનાસોર પાર્ક અને બટરફલાય પાર્ક, બર્ડસ સેકચુરી તળાવ, રેપ્ટાઈલ હાઉસ (સરિસૃપ પ્રાણીઓ) તેમજ વિયર–કમ–કોઝવે ખાતે વોટર સ્પોટનું આયોજન કરવામાં આવનાર છે.



રાંદેર તથા અઠવા ઝોનમાં નવા બન્ને સુએઝ પંપીંગ સ્ટેશનો કાર્યરત થયેથી આ બન્ને વિસ્તારના નગરજનોને સેનીટેશન સુવિધાનો વધુ લાભ મળશે તેમજ અઠવા ઝોનમાં તૈયાર કરવામાં આવેલ સરોજીની નાયડુ ઉદ્યાનનો નગરજનો મનોરંજન અને આનંદપ્રમોદ માટે મહત્તમલાભ લેશે એવી આશા વ્યકત કરી હતી.

ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી વીણાબેન જોષીએ મંચ ઉપર બીરાજમાન મહાનુભાવો તેમજ ઉપસ્થિત પ્રજાજનો નો આભાર માન્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, કમિશનરશ્રી પંકજ જોષી, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મહાનુભાવો અને પ્રજાજનોનો આભાર માન્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ  ઝોન વિસ્તારમાં સ્વીમીંગ પુલની ઉદ્દઘાટનવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ  ઝોન વિસ્તારમાં સ્વીમીંગ પુલની ઉદ્દઘાટનવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્‌હસ્તે તા. ૧૪–૦૨–૨૦૦૬ ને મંગળવારનાં રોજ રાખવામાં આવેલ જેનો સમારોહ સવારે ૧૦.૦૦ કલાકે સ્વીમીંગ પુલ, રૂસ્તમપુરા વોર્ડ નં.ર, આશાપુરી માતાજીના મંદિર પાસે,  સુરત ખાતે રાખવામાં આવેલ.



આ પ્રસંગે મેયર ડો.કનુભાઈ માવાણીએ તેમના ઉદઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ કરવાના કામો અંગે રૂપરેખા તૈયાર કરેલ છે. ૨૧મી સદીમાં દરેક ક્ષેત્રમાં ખાનગીકરણ, વૈશ્વીકરણ થઈ રહયું છે. સુરતને વિશ્વ સ્તર પર મૂકવા માટેના  માપદંડ સમુ  એક તરણકુંડ છે. તરણ પ્રવૃત્તિ થી શારીરીક સ્વાસ્થય સુધરતા માનસીક શાંતી સુધરે છે જેના થકી ઘરમાં શાતી થાય છે ઘરમાં શાંતી થતા સમાજમાં શાંતી થાય છે શહેરમાં, રાજયમાં અને તેમ થકી રાષ્ટ્રમાં શાંતી સ્થાપી શકાશે. સુરતના નાગરિકો ને અમે આ પ્રકલ્પ અપર્ણ કરેલ છે હવે તેઓ તેમનો નાગરિક ધર્મ બજાવી તરણ કુંડના સાધનો નો દુરુપયોગ ન કરે. તથા નાગરિક શિસ્ત કેળવવા પર ખાસ ભાર મુકયો હતો. સુરત મહાનગરપાલિકા શહેરીજનો માટે પૂરતી સુવિધા આપવા હર હંમેશ તત્પર રહે છે પરંતુ શહેરીજનો  તેનો પૂર્ણ લાભ લેતા નથી. યુનિવર્સીટી સાથે સંકલનમાં રહી, રાજય સરકારની શાળાઓ, કોલેજો વગેરે માટે સ્પર્ધાઓ યોજાય તે અંગે જરૂરી પગલા લેવાવા જોઈએ. આ અંગે સુરત મહાનગરપાલિકા પુરતો સહયોગ આપવા તત્પર છે. સુરત મહાનગરપાલિકાએ અન્ય મહાનગરપાલિકા કરતી કંઈક નોખી છે તે પોતાની જવાબદારી જેવી કે રસ્તા, ગટર, પાણી, રોશની, સ્વાસ્થય, જેવી પોતાની જવાબદારી ઉપરાંત વધુ આગળ વધી આ શહેરીજનોને મેડીકલ કોલેજ, પંડિત દીન દયાળ  ઈન્ડોર સ્ટેડીયમ, સાયન્સ સેન્ટર, પુલો, ફલાય ઓવર બ્રીજો વગેરેનું નિર્માણ કરેલ છે. ખૂબ જ ટુંકા ગાળામાં આટલું સરસ તરણ કુંડનું કાર્ય પૂર્ણ કરવા બદલ તેમણે અગાઉના સદસ્યો, અધ્યક્ષો વગેરેને આ તબકકે આભાર માનેલ.

અતિથિવિશેષ પદે થી  ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે સંનિષ્ટ માણસો ભેગા થઈ કોઈ કાર્ય કરે ત્યારે સુરત શહેર ને વૈશ્વીક કક્ષાનું શહેર બનતા કોઈ રોકી શકે તેમ નથી. ડાયરીના પ્રથમ પાના પર છપાયેલ "When a team of dedicated individuals makes a commitment to act as one....the sky is the limit" સુત્ર ટાંકીને ડે. મેયરશ્રીએ જણાવ્યું હતું કે આજ પ્રતિબધ્ધતાથી શાસકો અને વહીવટી પાંખના સંકલનથી સુરત શહેરે વિકાસની હરણફાળ ભરેલ છે. હાલમાં કમિશનરશ્રી ઘાના જઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી કામગીરીની જાણકારી અંગે માહિતગાર કરેલ. દુનિયાના અન્ય દેશોના શહેરો તેમના શહેરનો વિકાસ કરવા માટે સુરત મહાનગરપાલિકા પાસે માર્ગદર્શન માંગે છે. વૈશ્વીક કક્ષાનો તરણકુંડ બનાવવા માટે કમિશનરશ્રી તેમજ અધિકારીગણને અભિનંદન પાઠવેલ. તરણકુંડના અધિકારીશ્રીઓ, તેમજ તાલીમાર્થીઓ અને વોચમેનો પોતાની ફરજ જવાબદારીપૂર્વક નિભાવે જેથી કોઈ પણ અઘિટત દુઃખદ ઘટના ન બને.

સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે  સુરત મહાનગરપાલિકા છેલ્લા ૧૦ વર્ષ થી તથા આગામી ૧૦ વર્ષમાં ઈન્ટરનેશનલ કક્ષાના લેવલ ની સુવિધાઓ આપતી આવી છે. સુરત મહાનગરપાલિકાએ આંતરરાષ્ટ્રીય કક્ષાનું ઈન્ડોર સ્ટેડીયમ આપેલ છે તેમજ આજ રોજ આંતરરાષ્ટ્રીય કક્ષાનું તરણકુંડ આપવા જઈ રહી છે ત્યારે આ શહેરમાંથી કોઈ પણ આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય કક્ષાનો ખેલાડી આજ દિન સુધી ઝળકયો નથી તે નિષ્ફળતા પ્રત્યે ધ્યાન દોરી તે માટે તેમણે રમતગમતના વિવિધ મંડળો, સંસ્થાઓને અપીલ કરી હતી કે  તેઓ આ સગવડનો પૂર્ણ લાભ લઈ સુરત શહેરનું નામ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કરશે એવી આશા રાખી જણાવ્યું હતું કે નાગરીકોની આ ક્ષેત્રમાં  નોંધપાત્ર પ્રદાન આપવાની તત્પરતા અને ખેવના હોય તો સુરત મહાનગરપાલિકા પાસે નાગરીક  વિકાસ માટે નાણાંકીય સ્ત્રોતોનો કોઈ અભાવ નથી.

મ્યુ. કમિશનર શ્રી પંકજ જોષીએ સમારંભ ખાતે ઉપસ્થિત રહેલ મહાનુભાવોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા તરફથી પ્રાથમિક માળખાગત સવલતો ઉભી કર્યા બાદ અન્ય સુવિધાઓ જેમાં માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, સાહિત્ય કળા, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, આનંદ પ્રમોદ–મનોરંજન, વિજ્ઞાન ટેકનોલોજી અને રમતગમત ક્ષેત્રમાં પણ સામાન્ય પ્રજા સવિશેષ રૂચિ દાખવે અને આ ક્ષેત્રોમાં દેશનાં નામના મેળવે તે માટેના પ્રયત્નો સુરત મહાનગરપાલિકાએ કર્યા છે.

આજે જયારે સુરત વૈશ્વિક ધોરણો સાથેનું વૈશ્વિક શહેર બનવા તરફ આગેકૂચ કરી રહેલ છે. ત્યારે સુરત શહેરનાં નાગરિકો પણ વિશ્વ સાથે કદમ મિલાવી શકે તે હેતુસર તેમને વૈશ્વિક સ્પર્ધાત્મક તમામ ક્ષેત્રમાં પ્રવૃત થાય તેવા પ્રયાસો કરવા આવકાર્ય બની રહે છે.

શહેરમાં હાલમાં સાત જેટલા સ્વીમીંગ પુલ કાર્યરત છે. જેમાં શહેરના બાળકોથી લઈ તરૂણવયના નાગરિકો તેમજ શહેરના સીનીયર સીટીઝન સહિત અનેક લોકો સ્વીમીંગ પુલનો લાભ લઈ રહયા છે. સુરત મહાનગરપાલિકાના આગવા પ્રયાસો થકી શહેરના લગભગ તમામ ઝોનમાં ઓછામાં ઓછો એક સ્વીમીંગ પુલનો લાભ નાગરિકો મેળવી રહયાં છે. તળ સુરત શહેરના વિસ્તારમાં અગાઉ ખુબ જ નાનો સ્વીમીંગપુલ કાર્યરત હતો. તેથી રૂસ્તમપુરા વોર્ડ નં. ૨ ખાતે ૬૯૦૦ ચો.મી. ક્ષેત્રફળમાં ૨૫.૦મી. × ૫૦.૦મી. સાઈઝનો ૧૫૦ ચો. મી. પાર્કિંગ સુવિધા સહિતનો સ્વીમીંગ પુલ ૧૮૨.૭૮ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે.



આ સ્વીમીંગ પુલમાં ૨૪ જેટલા સ્ટાર્ટર બ્લોક તથા ૧૨ લાઈન ટ્રેક તેમજ વહીવટી બિલ્ડીંગમાં બે શાવર રૂમ, બે ચેઈન્જ રૂમ, ઓફિસ રૂમ, સ્ટોર રૂમ, ફિલ્ટરેશન પ્લાન્ટ રૂમ બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત ૧ લાખ ૮૦ હજાર લીટરની ક્ષમતાવાળી બેલેન્સીંગ ટેંક બનાવવામાં આવેલ છે. રાત્રિ દરમ્યાન સ્વીમીંગ પુલનો ઉપયોગ થઈ શકે તે માટે અંડરવોટર લાઈટીંગની વ્યવસ્થા કરાવામાં આવેલ છે. આજરોજ આ સ્વીમીંગ પુલનું સંપૂર્ણ બાંધકામ પૂર્ણ થવાથી સુરત મહાનગરપાલિકા, તળ સુરતના પ્રજાજનો માટે આકર્ષક સ્વીમીંગ પુલ અર્પણ કરી રહી છે.આ સ્વીમીંગ પુલ કાર્યરત થવાથી આ વિસ્તારની જનતા સ્વીમીંગ પુલનો લાભ લઈ મનોરંજન સાથે શારિરિક સ્ફૂર્તિ જાળવી શકશે એવી આશા વ્યકત કરી હતી.

જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષ શ્રી રાજુભાઈ દેસાઈએ મંચ ઉપર બીરાજમાન મહાનુભાવો તેમજ ઉપસ્થિત પ્રજાજનો નો આભાર માન્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, કમિશનરશ્રી પંકજ જોષી, વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડીયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મહાનુભાવો અને પ્રજાજનોનો આભાર માન્યો હતો.

TOP